# શ્રી ભગવાન મહાવીર સ્વામી નું શાસન

## શ્રી તીર્થંકર પરમાત્માની ભક્તિ : સિધ્ધાંત બોધ લેવો અને સિધ્ધાંત બોધ આપવો

જીવે ભવ ભવાંતરમાં અને આ ભવમાં સિધ્ધાંતબોધ (નિશ્ચયધર્મ) આરાધ્યો કે નહીં તે જાણવાની સરળ રીત, જીવે માનેલો અથવા તેમને મળેલા ધર્મની આરાધના કરતાં કરતાં વિષય કષાયો પ્રત્યે અભાવ થયો છે કે નહીં તેનું અવલોકન કરવું અને આત્મિક ગુણો પ્રગટવાનું શરૂ થયું કે નહીં તે જાણવું અને ખાસ કરીને જીવ-અજીવમાં દ્રઢત્વ આવ્યું કે નહીં તે તપાસવું અને શ્રી પરમાત્મામાં વિશેષ શ્રધ્ધા જાગી કે નહીં (પહેલા હતી તેના કરતાં વધારે) તેનું મનોમંથન કરવું અને જો કષાયો મંદ થયા હોય, ગુણો પ્રગટવા લાગે અને દેહ નાશવંત અને આત્મા શાશ્વત તેવી સમજણ સાથે જીવનમાં તેનું સ્થાપન થયું હોય, અને જગતનાં કોઈપણ પદાર્થ અને જીવ કરતાં શ્રી પરમેશવરનો પરમાર્થ વધારે ગમવા લાગે તો માનવાનું કે જીવ સાચા મોક્ષમાર્ગમાં છે અને તે આત્મધર્મ સિધ્ધાંત બોધને આરાધે છે અને તે મોક્ષમાર્ગમાં ચાલવા માટેની અનુકુળતા અને શ્રધ્ધા વધારેમાં વધારે કેવી રીતે પ્રાપ્ત થાય અને ભવોભવ આ મુક્તિનો માર્ગ કેવી રીતે મળે અને કેવી રીતે જીવ મુક્તિ અલ્પ ભવોમાં પામે તેની વિચારણા કરીએ.

**જૈનો જાગો**
રમેશ વૈજાણી
**લેખાંક : ૩૧**
**લેખાંકો ૧ થી ૫૮, તા. ૫-૧-૨૦૦૦ થી પુન: મુદ્રણ**

*** સત્સંગ ***
**હે નિર્ભય,**
**તારા નિર્ભયપણાં વગર આ જગતમાં**
**ક્યાં નિર્ભયપણું મળવાનું છે,**
**''અને''**
**જ્યાં જ્યાં નિર્ભયપણું પામવા ગયો,**
**તેણે જ ભયભીત બનાવ્યો.**

**''જ્ઞાનની આરાધના (ભક્તિ) એ ભવમુક્તિનું કારણ**
**અને**
**જ્ઞાનની વિરાધના (વિક્ષેપ) અનંત ભવભ્રમણનું કારણ''**

ભક્તિ અને વિક્ષેપની સરળ વ્યાખ્યા, જે સાધક (સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા) મોક્ષમાર્ગમાં ચાલતા હોય અને સાધના કરતાં હોય, તેને સહાયતા (તન-મન-ધન)થી કરીએ, તેને ભક્તિ કહેવાય, અને જે સાધકો મોક્ષમાર્ગમાં ચાલતા હોય તેને રોકવા, અથવા તેમાં પ્રતિકુળતા કરવી અથવા અજાણતાં તેને માર્ગથી વિમુખ કરવાં તેને વિક્ષેપ કહેવાય. માટે જીવે ભક્તિ કરવી એ મોક્ષમાર્ગમાં ચાલવાની વૃત્તિ અને મોક્ષ પામવાની ઈચ્છા કરી ગણાય.

અને જો ભક્તિ ન કરી શકાય તો વિક્ષેપ તો જાણતાં કે અજાણતાં પણ ન જ કરાય તેનો ઉપયોગ તો જીવે ખાસ રાખવો જોઈએ. અને એ પ્રકારે સિધ્ધાંત બોધ (નિશ્ચય બોધ)ની અનુમોદના કરી ગણાય. હવે સિધ્ધાંતબોધનાં લક્ષણો અને ગુણોની વિશેષ વિચારણાં આગળનાં લેખાંકનાં અનુસંધાનમાં કરીએ.

**''પંચમકાળની વિષમતા''**

**''ત્યાગીપણાનાં જ્ઞાનીને ઓળખવા અત્યંત મુશ્કેલ**
**અને**
**સંસારીપણાનાં જ્ઞાનીને આરાધવા અત્યંત મુશ્કેલ''**

મોક્ષમાર્ગનાં ઉગ્ર આરાધક એવાં શ્રી સાધુ-સાધ્વીજીની સેવાભક્તિ (વૈયાવચ્ચ) સિધ્ધાંતબોધ (નિશ્ચયધર્મ)ને સ્થાપીને કેવી રીતે કરવી તેની વિચારણા કરીએ.

બાળજીવે મોક્ષમાર્ગની સાધનાનાં આરાધક જીવો (સાધુ-સાધ્વીઓ)નાં આહાર (ગોચરી)ની ખાસ સમજણ રાખવી જોઈએ, કારણકે આહાર સંજ્ઞા ભવભવાંતરની સંજ્ઞા છે અને જેવો આહાર તેવા વિચાર બને માટે આહાર બાબતનું ખાસ ધ્યાન આપવું જોઈએ. જગતનાં મોક્ષમાર્ગી ધર્મોમાં ત્રણ (૩) દાનને સર્વ શ્રેષ્ઠ દાન કહેલ છે. ૧) જ્ઞાનદાન ૨) અભયદાન અને ૩) અન્નદાન.

• સવારની નવકારશી વખતની ગોચરી સવારનાં સુર્યોદય પહેલાં કોઈપણ સંજોગોમાં બનાવવી (રાંધવી) જોઈએ નહીં. આહારના પદાર્થો ઓછાં બનાવવાં પણ સૂર્યોદય પહેલાં ગેસ કે ચુલા પેટાવવા ન જોઈએ.

• બીજું દરરોજ પોતાને માટે બાળજીવો આહાર બનાવતાં હોય તે જ બનાવવા જોઈએ વધારે પદાર્થો જો શ્રી સાધુ-સાધ્વીઓ માટે બનાવે તો તે આહાર સદોષ ગણાય. નિર્દોષ ગોચરી વહોરાવતી વખતે અત્યંત ઉલ્લાસીત ભાવે અને અહોભાવથી ગોચરી વહોરાવવી જોઈએ અને પાછળ જો ઘરનાં સભ્યો માટે કદાચ ન રહે તો બીજી વખત ન બનાવાય અને જો બનાવી હોય તો સદોષ ગોચરી વહોરાવી ગણાય. ગોચરી હંમેશા સાત્વિક પદાર્થોની બનાવવી અને જે શક્તિવર્ધક નહીં પણ આરોગ્યકારક હોય અને જ્યારે સાધુ-સાધ્વીજીઓનું આરોગ્ય બગડેલું હોય ત્યારે જ તેમનાં આરોગ્યને અનુકુળતાં મુજબ (પૂછીને) ગોચરી બનાવવી અને વહોરાવવી માન્ય ગણાય. બાકીનાં વખતમાં પૂછીને બનાવીએ તો સદોષ ગોચરી વહોરાવ્યાનું પાપ લાગે (સાધનાનાં માર્ગેથી વિમુખ કર્યા ગણાય, રસેન્દ્રીયને પોષણ આપ્યું ગણાય.) અને જો સર્વ શ્રેષ્ઠ રીતે ગોચરી વહોરાવવી હોય તો ''પૂણીયા શ્રાવક''ની જેમ કરવું જોઈએ, જે દિવસે ગોચરી વહોરાવીએ, એ દિવસે ઘરમાં શ્રાવક કે શ્રાવિકાએ આહાર ત્યાગવો જોઈએ (તે દિવસે વ્રત કરવું જોઈએ) તો ગોચરી નિર્દોષ પણ ગણાય અને તેનું ફળ સર્વ શ્રેષ્ઠ મળે. સાધુ-સાધ્વીજીઓનો ઉપકારીપણું માનીને નિર્દોષ ગોચરી વહોરાવીને સહજતાથી બળવાન પૂણ્ય (લક્ષ વગર પણ) મળે. અને જો સાધુ-સાધ્વીજીઓને સદોષ ગોચરી (અજાણતાંથી પણ) વહોરાવીએ તો બળવાન પાપ લાગે.

• સાધુ-સાધ્વીઓ જ્યાં નિવાસ (ઉપાશ્રયમાં) કરતાં હોય ત્યાંનું વાતાવરણ, આનંદદાયક રહે તેવા પ્રકારની ચોખ્ખાઈ (સ્વચ્છતાં) રાખવી જોઈએ કે જેથી તેઓ ઉલ્લાસીત ભાવે અને સહજતાથી તેઓ તેમની સાધના કરી શકે.

**''આત્મલક્ષે આત્મીક પરિણામ માટે દેહને ટકાવવાં દરેક ઉપાય સ્વીકાર્ય છે.''**
**''પૂણ્ય લક્ષે પૂણ્ય પ્રાપ્તિ માટે દેહને ટકાવવાં સર્વ ઉપાય અસ્વિકાર્ય છે.''**

• બાળજીવે સાધુ-સાધ્વીજીઓને જરૂરીઆતનાં પદાર્થો (સાધનો) સારા અને સસ્તાં હોય તેવા વહોરાવવાં જોઈએ. કિંમતી પદાર્થો ન વહોરાવાય. (તેઓ અલ્પ પરિગ્રહી હોવાથી વધારે અને કિંમતી પદાર્થોમાં આસક્તિભાવ આવે અને આપનાર પ્રત્યે રાગ-દ્વેષનું કારણ બને) અને સાધનાનાં માર્ગથી વિમુખ કર્યા ગણાય.

• સાધુ-સાધ્વીજીઓ સન્મુખ સંસારીક વાતો કે પરનિંદા કે બીજાનાં અવગુણો સબંધી ક્યારેય ચર્ચા કે વિચારણા ન કરાય તે કરવાથી તે સાધકો ધર્મધ્યાનમાંથી ચલીત બને તો તેનું પાપ (મિથ્યાત્વ) શ્રાવક-શ્રાવિકાને લાગે.

• સાધુ-સાધ્વીઓ પાસે ક્યારેય સંસારનાં કાર્યો સબંધી ઉપાય મંગાય નહીં અને ખાસ અર્થ સબંધી તો વિચારણા કરાય જ નહીં અને અર્થ વધારવાના ઉપાયો પણ પૂછાય નહીં. (ધર્મમાં વાપરવા હોય તો પણ નહીં) **''તેઓ અશુભનો આરંભ ત્યાગીને ત્યાગી બન્યા છે.''**

''અર્થ વધારવા માટે કરેલું દાન દાન નથી ગણાતું પણ ત્યાગવા અર્થે ત્યાગેલું દાનને દાન ગણાય છે. જે ત્યાગ્યું તે વધારવું ન જોઈએ.''

• શ્રાવકોએ સંઘમાં ચાલતા વિવાદોને ધર્માચાર્યો પાસે ન લઈ જવાય પણ સારા અને સાચા શ્રાવકો થકી વિવાદ શમાવવા જોઈએ અને ધર્મ સબંધી મતમતાંતરમાં શ્રાવકોએ પડવું ન જોઈએ. શ્રાવકોને ધર્મ (શાસ્ત્ર) સબંધી શું જ્ઞાન હોય ? જ્ઞાનીની ગત (ગમ) જ્ઞાની જાણે, તેમ સમજીને ધર્મ સબંધી મતમતાંતરમાં (બાળજીવો) શ્રાવક-શ્રાવિકાઓએ દૂર રહેવું જોઈએ. જો શ્રાવકો તે મતમતાંતરમાં આવેશમાં આવીને ભળે અને તેના કારણે એક-બીજા સાધુ-સાધ્વી પ્રત્યે રાગ-દ્વેષ કરે અને તેના કારણે શ્રાવકો આર્તધ્યાન અને રૌદ્રધ્યાનમાં જાય, તો શ્રાવકોને મોટો દોષ (બંધ) પડે. ધર્માચાર્યો તો ત્યાગી છે તેમને પડેલા દોષોનું પ્રાયશ્ચિત તો તેઓ બળવાન તપસ્યા અને સાધનાં કરીને દોષોથી છૂટી જાય પણ શ્રાવકો તો સંસારી છે, તેઓ કઈ સાધના કરીને છૂટે ? માટે શ્રાવકપણું અને જૈન ધર્મ પામ્યા છીએ તો તેને સાર્થક કરવામાં મનુષ્યપણાંનું સાર્થકપણું કરવું અને તે માટે કોઈપણ પ્રકારનાં ધર્મનાં મતમતાંતરમાં ન પડવું.

*** સત્સંગનું ફળ ***
**કોઈપણ દેશનાં, કોઈપણ વેશમાં,**
**કોઈપણ ધર્મનાં, કોઈપણ સંપ્રદાયનાં,**
**કોઈપણ કુળનાં, કોઈપણ જાતિનાં,**
**સંત (સદ્ગુરૂ)ની સમીપે જઈને,**
**માનવાના નથી, માંગવાનું નથી, નમવાનું છે.**
**''જીવ એક સંતને નમે તો સૌ સંતોને ગમે''.**
**સંત પુરૂષોનું યોગબળ જગતનું કલ્યાણ ઈચ્છે છે, અને ''કલ્યાણ કરે છે.''**

**''અન્યધર્મીઓથી સ્વધર્મની રક્ષા કરવા પ્રાણ આપવા તે પણ ઓછું છે. ''પણ'' સ્વધર્મીને સ્વધર્મથી વિમુખ કરવો તે મોટામાં મોટું પાપ છે. સવ્વી જીવ કરૂં શાસન રસી''.**

શ્રી પરમાત્માના સ્થાપેલા ધર્મનાં અને તેનાં સંપ્રદાયનાં સાધુ-સાધ્વીઓ (સુધર્મા સ્વામીનાં ગચ્છ)નાં આરાધક જીવોની કેવા પ્રકારે વૈયાવચ્ચ (સેવા ભક્તિ) કરવી તેની વિચારણા કરી. આ પ્રકારની ભક્તિથી બાળજીવો જ્યારે પણ (કોઈપણ ભવમાં) સાધક બને ત્યારે તેને અનુકુળ સંજોગો અને અનુકુળ આરોગ્ય પ્રાપ્ત થવાનું કારણ બને (સાધના માટે વિચારો અને આરોગ્ય અનુકુળ હોવું અનિવાર્ય ગણાય.) અને તેનાંથી વિરુધ્ધનું વર્તન મોક્ષમાર્ગથી વિમુખ (અથવા પડવાનું) કારણ બને, માટે મોક્ષમાર્ગની સાધનાનાં માર્ગે ચાલતાં આરાધક જીવોની બને તેટલી ભક્તિ કરવી, તે મોક્ષમાર્ગ (સિધ્ધાંત બોધ અથવા નિશ્ચય ધર્મ) મળવાનું અને પામવાનું ફળ બને.

અને વિશેષ સિધ્ધાંતબોધની વિચારણા યોગે કરીને ભાવી લેખાંકમાં કરશું.

**આનંદ આનંદ આનંદ**

આ આખી સમજણ લખનાર જીવે શ્રી મહાવીર ભગવાનને માથે રાખીને, શાસનદેવીની સાક્ષીભાવે અને સમકિતી દેવ-દેવીઓના હાજરભાવે કોઈપણ પ્રકારના દુર્ભાવ રહિત, કોઈપણ પ્રકારના દ્વેષબુધ્ધિથી રહિત અને કોઈપણ પ્રકારની સ્વાર્થબુધ્ધિ રહિત આપેલ છે. અને આમાં કોઈપણ પ્રકારનો દોષ ભળ્યો હોય તો આ લખનારને મિથ્યાત્વનો દોષ લાગે. અને આ બાબતની કોઈપણ ચર્ચા-વિચારણા શ્રાવકોએ ધર્માચાર્યો પાસે જઈને કરવી અને જાણકારી મેળવી, લખનાર પ્રત્યે અભાવ ન કરવો.